## ડાયરેક્ટ ❤ સે

મોટા બનવું હોય
તો 'લિમિટ'માં રહેવું.
યાદ છે ને ?
મોટી-મોટી
કંપનીઝનાં
નામની પાછળ પણ
'લિમિટેડ'
લખેલું હોય છે.

### ગુજરાત રાજ્ય સાહિત્ય અકાદમી, ગુજરાત પ્રેસ અકાદમી અને ભારતીય વિદ્યા ભવન અમદાવાદ દ્વારા

# વક્તવ્ય શ્રેણી 'અસ્મિતા'નો બીજો તબક્કો યોજાયો







ગુજરાત રાજ્ય સાહિત્ય અકાદમી , ગુજરાત પ્રેસ અકાદમી અને ભારતીય વિદ્યા ભવન અમદાવાદ દ્વારા સંયુક્ત રીતે યોજાઈ રહેલ વક્તવ્ય શ્રેણી ' અસ્મિતા'નો બીજો કાર્યક્રમ ગુજરાત સાહિત્ય સભા અને શ્રી પી. કે. ચૌધરી મહિલા આટ્ર્સ કોલેજના સંયુક્ત યજમાનપદે યોજવામાં આવ્યો હતો. ગુજરાત નાં મૂર્ધન્ય સાહિત્યકાર, ઈતિહાસકાર, રાજપુરુષ અને વિશેષ વિભૂતિ એવા કનૈયાલાલ માણેકલાલ મુન્શીના બહુ આયામી વ્યક્તિત્વનાં અલગ અલગ પાસાઓ ઉપર પ્રકાશ પાડતી આ વક્તવ્યશ્રેણીનું ઉદઘાટન તા. ૩૦ ડિસેમ્બરના રોજ મુન્શીજીની જન્મતિથી પ્રસંગે કરવામાં આવ્યું હતું, જેમાં ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ પદ્મશ્રી વિષ્ણુભાઈ પંડ્યા અને સાગર યુનિવર્સિટી, મધ્યપ્રદેશના ચાન્સેલર, જાણીતા સાહિત્ય કાર ડો. બળવંતભાઈ જાનીએ વક્તવ્ય આપ્યું હતું. આ શ્રેણીના બીજા કાર્યક્રમમાં ગાંધીનગર ખાતે ગુજરાત પ્રેસ અકાદમીના સચિવ પુલક ત્રિવેદી, જાણીતા સાહિત્યકાર અને નવલકથાકાર ડો. કેશુભાઈ દેસાઈ અને કલ્પેશ પટેલ, ગાંધીનગર સાહિત્ય સભાના પ્રમુખ નટવરભાઈ હેડાઉએ પોતાનાં વક્તવ્યો આપ્યાં હતાં. આ સમગ્ર કાર્યક્રમના યજમાનપદે રહેલ શ્રી પી. કે ચૌધરી મહિલા આટ્ર્સ કોલેજ અને કેળવણી મંડળના પ્રમુખ-ઉપપ્રમુખે આ આયોજન બદલ સર્વને ધન્યવાદ પાઠવ્યા હતા તેમજ આવા કાર્યક્રમો નિયમિત યોજાતા રહે તેવા આશીર્વચન પાઠવ્યા હતા. આ કાર્યક્રમનું સંકલન અને વ્યવસ્થા શ્રી પી. કે. ચૌધરી મહિલા આટ્ર્સ કોલેજના વ્યાખ્યાતા ડો. લીનાબેન રાણાએ કર્યું હતું.

## આર જી પટેલ શાળા પરિસરમાં યોગ શિબિર યોજાઈ

ગાંધીનગર, તા. ૮

શ્રીમતી આર જી પટેલ કન્યા માધ્યમિક શાળા કેમ્પસમાં ૭ દિવસીય નિઃશુલ્ક યોગ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. ગાંધીનગર સ્થિત દિવ્યજીવન સંઘ, શિવાનંદ આશ્રમના સૌજન્યથી આ શિબિર યોજવામાં આવી હતી.

ઋષિકેશથી પધારેલ સ્વામી ધર્મિષ્ઠાનંદજી, દિવ્ય જીવન સંઘ, ગાંધીનગરના પ્રમુખ ડૉ. કિરીટભાઈ પટેલ, મંત્રી રમેશભાઈ ભાટિયા, સહયોગી દર્શનભાઈ ઠાકોર, સ્વયંસેવક રામસિંગભાઈ રાઠોડ, દિલીપભાઈ પટેલ, યોગના ડેમો આપનાર સ્વયંસેવિકા બહેન શોભાબેન અને તેમની ટીમ દ્વારા શાળાની ધોરણ૯ અને ૧૧ની કુલ ૨૫૦થી વધુ વિદ્યાર્થીઓને પ્રાણાયામ, સૂર્યનમસ્કાર, યોગાસન, કપાલભારતી વગેરે શીખવી આ બાબતોનું મહત્ત્વ વિગતે સમજાવ્યું હતું. શિબિરના પૂર્ણાહુતિ પ્રસંગે વિદ્યાર્થીનીઓએ પોતાનો પ્રતિભાવ આપતાં શિબિર પ્રત્યે સંતોષની લાગણી વ્યક્ત કરી હતી. શાળાના શિક્ષકોએ પણ સક્રિય સહયોગ આપી શિબિરને સફળ બનાવવામાં પોતાનું યોગદાન અર્પણ કર્યું હતું.



સ્વચ્છ ભારત અભિયાન હેઠળ ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા આયોજિત શહેર સ્વચ્છતા ઍવોર્ડ સ્પર્ધામાં શૉપિંગ સૅન્ટર, દુકાન, આરોગ્ય કેન્દ્ર, શાળા વગેરે વિવિધ કૅટેગરીમાં ઍવોર્ડ આપવામાં આવ્યા હતા. આ ક્રમમાં સરકારી પ્રાથમિક શાળા, જીઈબી કૉલોનીને પણ ઍવોર્ડ પ્રાપ્ત થયો હતો. ગાંધીનગર મહાનગરપાલિકાના ડેપ્યુટી કમિશનર બારીયા, જેમ ઍમ ચૌધરી, ગોસ્વામી અને સેનેટરી ઇન્સ્પેક્ટર સુનીલભાઈના હસ્તે આ ઍવોર્ડ અને પ્રમાણપત્રનો સ્વીકાર સ્કૂલનાં આચાર્ય દિપ્તીબેન વસાવડા દ્વારા કરવામાં આવ્યો હતો. કાર્યક્રમ શહેરના હાર્દસમા સ્વર્ણિમ પાર્ક ખાતે યોજવામાં આવ્યો હતો. જીઈબી કોલોની ખાતે શાળા રહેણાક મકાનમાં કાર્યરત છે અને જગ્યા ખૂબ નાની છે, તેમ છતાં તેને સ્વચ્છતાનો એવોર્ડ પ્રાપ્ત થાય એ ગૌરવની વાત છે એમ જણાવતાં આચાર્ય દિપ્તીબેને વિદ્યાર્થીઓ અને શિક્ષકો સહિત સમગ્ર શાળા પરિવારને આ સિદ્ધિ બદલ બિરદવી હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા.



જુનિયર ચેમ્બર (જેસીઆઈ) ગાંધીનગર દ્વારા તાજેતરમાં ઈન્ફોસિટી જુનિયર સાયન્સ કૉલેજમાં અભ્યાસ કરતા ધોરણ-૧૨ (એ અને બી ગૃપ)ના વિદ્યાર્થીઓ માટે એક સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું, જ્યાં વિદ્યાર્થીઓને 'ટાઈમ મેનેજમેન્ટ' અને 'એચિવ કેરિયર ગોલ' વિશે માહિતી આપવામાં આવી હતી.

શિક્ષણ બૉર્ડ દ્વારા લેવામાં આવતી પરીક્ષા તણાવમુક્ત થઈને કેવી રીતે આપી શકાય તે અંગે પણ વિદ્યાર્થીઓને વિગતે સમજ આપવામાં આવી હતી. ૨૦૦ જેટલા વિદ્યાર્થીઓને પોઝીટીવી ટ્રેનિંગ નેશનલ ટ્રેઈનર હર્ષ અગ્રવાલ દ્વારા આપવામાં આવી હતી. આ પ્રસંગે ગાંધીનગર જેસીઆઈના પ્રમુખ મહેશ પટેલ અને જુનિયર સાયન્સ કૉલેજના ટ્રસ્ટીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ સેમિનારના આયોજનમાં વલ્લભ ઍરકોનના શીતલ શાહનો સાથ-સહકાર પ્રાપ્ત થયો હતો.




(૧) વિશ્વની સૌથી મોંઘી વોડકાની બોટલની ચોરી કયા દેશમાં થઈ છે ?
(એ) સ્વીડન
(બી) સ્પેન
(સી) ડેનમાર્ક
(ડી) પોલેન્ડ

(૨) તાજેતરમાં અમેરિકામાં કયા વાવાઝોડાએ કહેર વર્તાવ્યો છે ?
(એ) શિલોઈ (બી) બોમ્બ
(સી) ટેન્ક (ડી) બોબી

(૩) કયા રાજ્યના સિનેમાઘરોમાં ફિલ્મની શરૂઆત પહેલાં કુંભ મેળો-૨૦૧૯નો લોગો બતાવવામાં આવશે ?
(એ) બિહાર (બી) મધ્યપ્રદેશ
(સી) હરિયાણા (ડી) ઉત્તર પ્રદેશ

(૪) કયા રાજ્યની સરકારે બીમા-કોરેગાવ હિંસાની ન્યાયિક તપાસનો આદેશ કર્યો છે ?
(એ) ગુજરાત (બી) દિલ્હી
(સી) મહારાષ્ટ્ર (ડી) ગોવા

(૫) કેન્દ્રીય કેબિનેટે તેલ અને ગેસ ક્ષેત્રમાં સહયોગ માટે ભારતને કયા દેશ સાથેના કરારની મંજૂરી આપી છે ?
(એ) મ્યાનમાર (બી) ઈઝરાયલ
(સી) બ્રિટન (ડી) ચીન

(૬) તાજેતરમાં નાર્કોટિક્સ કન્ટ્રોલ બ્યુરોના નવા પ્રમુખ પદે કોની નિયુક્તિ થઈ છે ?
(એ) અભય કુમાર (બી) મનોજ સિંહા
(સી) મુકેશ વીણા (ડી) દિપક ગુપ્તા

(૭) મહિલા સશક્તિકરણ માટે કોણે ઓનલાઈન પોર્ટલ 'નારી'નું ઉદ્ઘાટન કર્યુ છે ?
(એ) સુષ્મા સ્વરાજ (બી) સ્મૃતિ ઈરાની
(સી) મેનકા ગાંધી (ડી) રાજનાથસિંહ

(૮) કયા રાજ્યની સરકારને ફેમ ઈન્ડિયા સ્કીમ હેઠળ ઈલેક્ટ્રીક વાહન મળશે ?
(એ) ઉત્તર પ્રદેશ (બી) કર્ણાટક
(સી) આસામ (ડી) ત્રિપુરા

(૯) ફેડ-૫ ૨૦૧૭માં ભારતીય ટીમનું નેતૃત્વ કઈ ખેલાડી કરશે ?
(એ) અંકિતા રૈના (બી) ઝીલ દેસાઈ
(સી) તૃપ્તિ રૈના (ડી) જીયા દેસાઈ

(૧૦) ડેનમાર્ગમાંથી ચોરાયેલી વિશ્વની સૌથી મોંઘી વોડકા બોટલની કિંમત કેટલી હતી ?
(એ) ૮.૧૦ કરોડ (બી) ૮.૧૫ કરોડ
(સી) ૮.૦૦ કરોડ (ડી) ૮.૨૫ કરોડ

**જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.**

**- સંપાદક**







સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત ઍમ બી પટેલ ઈંગ્લિશ મીડિયમ સ્કૂલ ખાતે 'યંગ શૅફ' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ધોરણ-૧૧, ૧૨ના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. ઈન્ડિયન હૉટલ મૅનેજમૅન્ટ ઍસોસિએશન તરફથી શૅફ વૈભવ આ સ્પર્ધાના નિર્ણાયક તરીકે ઉપસ્થિત રહ્યા હતા, જેમણે વિદ્યાર્થીઓ દ્વારા તૈયાર કરવામાં આવેલી વાનગીઓ ટેસ્ટ કરીને તેમને યોગ્ય માર્ગદર્શન આપ્યું હતું. સ્કૂલ કક્ષાએ વિજેતા થનારા વિદ્યાર્થીને આગામી રાઉન્ડમાં મોકલવામાં આવશે. ઉલ્લેખનીય છે કે વર્ષ ૨૦૦૭થી શાળામાં 'યંગ શૅફ' સ્પર્ધાનું આયોજન કરવામાં આવે છે. આ પ્રસંગે સ્કૂલના આચાર્ય અર્પિત ક્રિશ્ચિયન દ્વારા વિદ્યાર્થીઓને ફૂડ અને હૉસ્પિટાલિટી ક્ષેત્રમાં ઉપલબ્ધ તકોની માહિતી આપવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમના આયોજન-સંચાલનમાં સુપરવાઈઝર સુપર્ણા મુખર્જીની ભૂમિકા મહત્ત્વપૂર્ણ રહી હતી.



સૅક્ટર-૫ એ ખાતે કાર્યરત પ્રેરણા વિદ્યાલયમાં અભ્યાસ કરતા વિદ્યાર્થી જયમુનિ હરજીભાઈ વાડોદરાએ ઈન્ડિયન યુનિવર્સિટી ટેક્વોન્ડો ફેડરેશન દ્વારા આયોજિત પાંચમી નેશનલ ગેમ્સ-૨૦૧૭ અંતર્ગત ટે-ક્વોન-ડો સ્પર્ધામાં સિલ્વર મૅડલ પ્રાપ્ત કર્યો હતો. રાજીવ ગાંધી સ્ટેડિયમ, બવાના, દિલ્હી ખાતે આ નેશનલ ગેમ્સ યોજવામાં આવી હતી, જેમાં ભાગ લઈ જયમુનિએ આ સિદ્ધિ હાંસલ કરી હતી. વિદ્યાર્થીને તેની આ સિદ્ધિ બદલ શાળા પરિવાર ટ્રસ્ટી પ્રદીપસિંહ બિહોલા અને આચાર્ય મનીષભાઈ ખત્રી દ્વારા બિરદાવી અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

# કોલંબીયામાં દિવાળીની જેમ દિવડા પ્રગટાવી નાતાલ ઉજવાય છે

૨૦૧૭નું વર્ષ ગયું. ૨૦૧૮ના આગમનને આજે બરાબર આઠ દિવસ થયા. રોજ સુરજ ઊગે અને સવાર પડે. સુરજ આથમે ને સાંજ થાય. લોકો કહે છે, સવાર પડે પણ ખરેખર તો સવાર પડતી નથી સવાર ઉપડતી હોય છે. સવારે નવા તરોતાજા વિચારો અને ઉત્સાહ સાથે ઉપડવાનુ હોય. સૂર્યના કુમળા કિરણોમાં મસ્તીથી ઓગળવાનુ હોય. પ્રત્યેક સવાર એક નવુ જીવન જીવવા માટે ઈશ્વરે આપેલો વધુ એક મોકો.

નવા વર્ષે નવલાં સંકલ્પોમાં સંમિલીત થઈને જીવનના આનંદને વધુ વિસ્તાર આપવાનો હોય. જીવન તો જાસુદના ફૂલ જેવું હોવું જોઈએ. સુરજ ઊગે અને સોળે કળાએ જાસુદનુ ફુલ ખીલે એમ નવા વર્ષના સૂર્યોદય સાથે જીવન નવા મધુર સપનાઓ લઈને સાગમટું ઉપડવાનુ મન થાય એનુ નામ જ જીવનનો આનંદ. નવું વર્ષ એટલે નવી મંજીલ શોધી એ ભણી દોડવાનો અવસર. જેમ હિન્દુઓના નવા વર્ષને દીલમાલાની સાથે સત્કારાય એમ પ્રેમ અને શાંતિનો સંદેશ લઈને આવતા જીસસના જન્મદિન નાતાલ અને કેલેન્ડરના નવા વર્ષની ઉજવણીના વિવિધ સ્વરૂપો અને માન્યતા છે.

૨૦૧૭ વર્ષ પહેલા જેરુસલેમના બેથલહેમ નામના નાનકડા ગામમાં ઈસુ ખ્રિસ્તનો જન્મ થયો. આ મહા માનવે પ્રેમ અને કરૂણાનો અર્થસભર સંદેશ વિશ્વને સમજાવ્યો. આ એ જ જેરુસલેમ કે જે હમણા હમણા ઈઝરાયેલ, અમેરિકા અને પેલેસ્ટાઈનના પ્રશ્નોના કારણે વિશ્વમાં હોટ ટોકીંગ પોઈન્ટ બની ગયો છે. જો કે એ આખો વિષય અલગ છે પણ જેરુસલેમનુ નામ આવ્યું એટલે આજનો આ બહુ ચર્ચિત વિષય યાદ આવ્યા વગર ન રહે. ખેર, બેક ટુ ધ પોઈન્ટ જેમ ભગવાન શ્રી કૃષ્ણના જન્મ સમયે કંસ સહિત દુષ્ટ તત્વો ભયભીત થઈ ગયા હતા એ જ પ્રમાણે જીસસનો જન્મ થતાં સમાજમાં ત્રાસ ફેલાવતા અને અનિષ્ટ તત્વો રીતસર ભતભીય થઈ ગયેલા. શેતાનિયત કરતા લોકોએ પ્રભુ ઈસુને વધસ્તંભ ઉપર લટકાવી દીધા પણ જીસસે તો એ સમયે ભગવાનને પ્રાથના કરી કે, ' પ્રભુ, આ લોકોને માફ કરજે કારણ કે એમને ખબર નથી પડતી કે એ લોકો શું કરી રહ્યાં છે...' એ વાત સર્વ વિદીત છે.



નાતાલની ઉજવણીની વાત બાઈબલની વાત વગર અધુરી લાગે. વિશ્વમાં બદલાવ લાવનારા ૧૦૦ પરિબળોમાં બાઈબલ અગ્રહરોળમાં મુકાયું છે. ''હન્ડ્રેડ થીંગ્સ કેન ચેન્જ ધ વર્લ્ડ'માં બાઈબલ સ્થાન ધરાવે છે. વિશ્વના ૪૦ જેટલા પવિત્ર લોકો દ્વારા લખાયેલું બાઇબલ જુનો કરાર અને નવો કરાર એમ બે ભાગમાં છે. સ્વયં પરમપિતાનો માણસ સાથેનો સંવાદ બાઈબલમાં છે. જુના કરારમાં ૩૯ અધ્યાય હિબ્રુ ભાષામાં પ્રસ્તુત થયા છે. જ્યારે નવા કરારના વિભાગમાં ૨૯ અધ્યાય મુળ ગ્રીક ભાષામાં આલેખાયા છે. નોંધનીય વાત એ છે કે બાઈબલનું વિશ્વની સૌથી વધુ ભાષામાં ભાષાંતર થયું છે અને આખા જગતમાં સૌથી વધુ વેચાતું પુસ્તક છે.

સાચા અર્થમાં આજે દુનિયા સમેટાઈને ગ્લોબલ વિલેજ બની ગઈ છે. આજે તો ઈદ હોય કે દિવાળી, નાતાલ હોય કે જન્માષ્ટમી, વૈશાખી હોય કે દુર્ગાષ્ટમી. હિન્દુ, મુસ્લિમ, ખ્રિસ્તી, બંગાળી, પંજાબી, બુદ્ધિષ્ટના તહેવારોમા નાત-જાતના ભેદભાવ વગર 'સેલિબ્રેશન'નો મહિમા હોય છે.

નાતાલ અને ઈસુના નવા વર્ષના જશનની ઉજવણીની સ્ટાઈલ અલગ અલગ દેશ અને શહેરમાં નોખી રીતે થતી હોય છે. ઓસ્ટ્રેલિયામાં જાહેર માર્ગો ઉપર કેમ્પસ નામનો રાક્ષસ આંટા મારતો હોય છે એવું લોકો માને છે. આ રાક્ષસ બાળકોને લાકડી વડે ફટકારતો હોય ત્યારે બાળકોને 'સેન્ટ નિકોલસ' રાક્ષસથી બચાવે છે. નોર્વેમાં એક બીજાના ઘરેથી સાવરણી ઊઠાવી જઈને અનોખી રીતે નાતાલમાં નવું વર્ષ ઉજવતા હોય છે. આમ ઝાડુ ચોરવાની રીતને નોર્વેના લોકો શુભ સંકેત માને છે. જર્મનીમાં વળી ક્રિસમસ ટ્રીમાં ઘરના વડીલો રાત્રે પીકલ-અથાણાની નાની-નાની બોટલ છુપાવી દે છે. સવારે ઘરના બાળકો એ પીકલ બોટલ શોધી કાઢે એટલે એમને મનગમતી ભેટ-સોગાત આપવામાં આવે છે. કોલંબીયામાં દિવાળીની જેમ દિવડા પ્રગટાવીને ક્રિસમસની ખુશીઓ મનાવવાનો રીવાજ છે.

આ વર્ષે ૨૦૧૮માં વિશ્વના ૩૬ ટકા લોકોએ ક્રિસમસનો શાનદાર જશન મનાવ્યો. અમેરિકાની જાણીતી સંશોધન સંસ્થા ફલાઈટ એવરના એક અહેવાલ મુજબ આ વર્ષે ક્રિસમસની રજાઓમાં માત્ર અમેરિકાના ૧૦ કરોડ લોકો પ્રવાસ ઉપર નીકળી પડ્યા હતા. અમેરિકાના રાષ્ટ્ર પ્રમુખ પણ નાતાલની રજાઓ ગાળવા દર વર્ષે એમના પરિવાર સાથે પ્રવાસમાં નીકળી પડતા હોય છે. ભારતમાં ક્રિસમસ ઉજવણીના જશનનું એપીસેન્ટર ગોવા માનવામાં આવે છે.

એક રસપ્રદ સર્વેક્ષણ મુજબ વિશ્વની કુલ ૭.૬૦ અબજની વસતીમાં ૨.૨૦ અબજ ક્રિશ્ચિયન છે. આ વર્ષે વિશ્વના ૧૬૦ દેશોમાં ક્રિસમસની ઉજવણી થઈ. ૨૦૧૮ની ક્રિસમસમાં જગતમાં ૨૭૫ લાખ કરોડનો અધધ વેપારનો થયો હોવાનો અંદાજ છે. નાતાલમાં યુરોપીય દેશોમાં 'બેસ્ટ ક્રિસમસ માર્કેટ' માટે લોકો મતદાન કરતા હોય છે. આ વર્ષે ૧૦ દિવસ સુધી ૧૨૪ દેશના ૧,૮૮,૦૦૦ લોકોએ ઓનલાઈન વોટીંગ કર્યું. ક્રોએશિયાના જાગ્રેબ માર્કેટે મેદાન માર્યું. ૨૦૧૮માં જાગ્રેબને યુરોપીય દેશોમાં 'બેસ્ટ ક્રિસમસ માર્કેટ' તરીકેનો ખિતાબ મળ્યો.

૨૦૧૮ની નાતાલની કેટલીક અવનવી વાત પણ જાણવા લાયક છે. આ વખતે ઈરાક-સિરીયા, ઈટાલી અને માઈક્રોનેશિયાના ટાપુ એમ ત્રણ સ્થળોએ થયેલી નાતાલની ઉજવણીએ વિશ્વનું ધ્યાન આકર્ષિત કર્યું. ત્રણ-ત્રણ વર્ષ સુધી ઈસ્લામિક સ્ટેટ (આઈએસ)ના સકંજામાં રહીને મુક્ત થયેલા ઈરાકમાં ૩૬ મહિના બાદ સડકો ઉપર આવીને લોકોએ મુક્તમને ક્રિસમસની ઉજવણી કરી. ઈટાલીના વેનીસની બોટ પરેડે દુનિયાનું ધ્યાન ખેંચ્યું. બોટ પરેડમાંથી ઉપજતી રકમ ગરીબ બાળકોની રમત-ગમત માટે દાનમાં આપવામાં આવે છે. પેસેફિક મહાસાગરની વચ્ચોવચ આવેલા માઈક્રોનેશિયા ટાપુ ઉપર અમેરિકન એરફોર્સના જવાનો ક્રિસમસ ઉપર ભેટ-સોગાદોનો વરસાદ વરસાવે છે. છેક ૧૯૫૨થી યુએસ એરફોર્સ પ્રતિ ક્રિસમસ ઉપર ગીફ્ટ વરસાવી રહ્યું છે. નવુંવર્ષે અઢળક આનંદના ઓવારણા અદમ્ય ઉત્સાહનો થનગનાટ હોય. અને મેઘધનુષી રંગોનો ઝગમગાટ. નાતાલ અને નવા વર્ષની ઉજવણીમાં પ્રેમ અને સંવેદનાનો સમન્વય જોવા મળે. કવિ શૈલેષ પંડ્યા 'ભિનાશ'ની મજાની બે પંક્તિ યાદ આવે છે.

'આ તો થયું કે વાત એકાદી તરોતાજા કરું,
બે હાથ જોડીને અચાનક આપને રાજા કરું.'

ક્રિસમસ એટલે પ્રેમનો તહેવાર. ઈસુના નવા વર્ષે પ્રેમથી સામેવાળાને રાજા હોવાનો અહેસાસ કરાવે એવી ઉજવણીની મજા છે બોસ.

**ધબકાર**

જશન ઉજવણીની સ્ટાઈલમાંથી સંસ્કાર સંસ્કૃતિ સ્વરૂપે ટપકે છે.